

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*મેદનીની અનુમોદનાનો ઠસ્સો હોય છે,*
*જનસમુહના નેતૃત્વનો નશો હોય છે,*
*વસવસો થાય બાલસહજ મમતનો -*
*'ફાટફૂટ' રાજરમતનો હિસ્સો હોય છે.*

હાઈકુ

*આવ્યું સુનામી,*
*શેર-સટ્ટા-સમુદ્રે -*
*તણાઈ મૂડી..*

*હવે ક્રિકેટે,*
*બેટ નું કામ નથી,*
*બોલરો રાખો..*

## ચિંતન

**ન વિશ્વસેત કુમિત્રે ચ મિત્રે ચા અપિ ન વિશ્વસેત ।**
**કદાચિત કુપિતં મિત્રં સર્વ ગુહ્ય પ્રકાશયેત ॥**

'કદાપિ, મિત્ર કે કુમિત્રનો કયારેય વધારે પડતો વિશ્વાસ ન રાખવો. કુમિત્ર તો ભરોસાપાત્ર નથી જ પણ મિત્ર પણ કયારેક ગુસ્સામાં આવી જઈ આપણાં રહસ્યો-ગુપ્તવાતો જાહેર કરી દે છે.'

આજકાલ, સ્વાર્થ અને લોભવૃત્તિને કારણે સમાજમાં કોઈ જ ભરોસા પાત્ર રહ્યું નથી. પુત્રો પણ માતાપિતાની હત્યા કરી શકે છે. ભાઈ-ભાઈમાં વિશ્વાસઘાત થાય છે ત્યારે મિત્રો-સ્નેહી-સંબંધીની વાત તો કયાં કરવી?

જો કે કોઈ પર વિશ્વાસ ન કરવો એવું નથી. આ દુનિયામાં 'સત્યનિષ્ઠ' નો અકાળ નથી પણ બધાની પરીક્ષા કેમ કરવી?

આથી બધાની સાથે મર્યાદિત-અંતર રાખી-વિશ્વાસ-વ્યવહાર સંબંધ રાખવા જેથી સાવધ અને સાવધાની રહે; અને અફસોસ કે પશ્ચાતાપનો સમય ન આવે.

## સુવિચાર

- મન વિચાર અને માન્યતાથી મુક્ત હોય છે ત્યારે જ સાચી રીતે સક્રિય બને છે - **નવનીત**
- પ્રાર્થના ઈશ્વર પાસે પહોંચવાની પાંખ છે અને
  ધ્યાન ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની આંખ છે - **રજનીશ**
- ઈશ્વરને માપવો એ તો આકાશને ગલેફ ચઢાવવા બરાબર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જો લાજવાબ હૈ... વૉ હી તો સચ્ચી પ્રાર્થના કા ઉત્તર હૈ - **ગુલામ મહંમદ**
- માણસને પોતાની સૃષ્ટિ અને કાર્યો સોંપ્યા પછી
  ખુદ ઈશ્વર પણ અસલામતી અનુભવે છે - **રા. વિ. પાઠક**
- તમામ વસ્તુઓ એકબીજામાં ભળી જાય તો ચમત્કાર સર્જાઈ જેમ કે... અશુભમાં શુભ..
  ન્યાયમાં ઉદારતા, રાજકારણમાં ધર્મ... - **આચાર્ય જીનચંદ્રવિજયજી**
- હે માનવી તું સ્મિત અને આંસુ વચ્ચેનું લોલક - **અખંડ આનંદ** **(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

સાચા સુખ-શાંતિ સમૃદ્ધિ-સત્તામાં નથી પણ સ્નેહ અને સંપમાં સમગ્ર પરિવાર પ્રેમથી એકમેક માટે ત્યાગ અને સમર્પણની ભાવનાથી રહે તો 'પૈસા'ની કંઈ જ કિંમત નથી.

એક પરોઢિયે લક્ષ્મીજી શેઠના સ્વપ્નમાં આવ્યાં અને કહ્યું : શેઠ! હવે તમારાં પૂણ્ય કર્મ પૂરાં થવા આવ્યાં છે અને હું તમને ધીરે ધીરે છોડી દઈશ. માટે તમારે જે કંઈ માગવું હોય તે છેલ્લાં વરદાન તરીકે માગી લ્યો!

શેઠ કહે : આવતીકાલે હું મારા પરિવાર સાથે ચર્ચા કરી બધાની સલાહ લઈ તમને કહું. લક્ષ્મી કહે ભલે, કાલે ફરી હું તારા સ્વપ્નમાં આવીશ. શેઠે પરિવાર સાથે ચર્ચા કરી.

કોઈએ-સોનાં-ચાંદી-હીરામાણેક-બંગલા-સાત પેઢી ચાલે એટલું ધન... વગેરે જેવી સલાહ આપી.

નાની વહુએ કહ્યું : બાપુજી! જયારે લક્ષ્મીજી એ જાતે જ કહ્યું છે કે હું તમને છોડી જઈશ. પછી ધન-દોલત માગવાનો શું અર્થ? એના કરતાં વગર સમુદ્ધિએ ગરીબીમાં પણ આપણા પરિવારમાં પ્રેમ-વાત્સલ્ય-સેવા-સમર્પણ ભાવ રહે એવું માગો!

શેઠને એ સાચું લાગ્યું. લક્ષ્મીજીને વાત કરી. લક્ષ્મીજીને પણ ગમ્યું. સારું - તમારી જાહોજલાલી તો જશે પણ કદી નાણા ભીડમાં તમે નહીં મૂકાવ, એવા મારા આશિષ છે.

## મેરેથોન રેસમાં પરિવર્તિત થઈ રહેલું પાટીદાર અનામત આંદોલન

### તંત્રીસ્થાનેથી....

આખા અમદાવાદ મહાનગરને કોઈ પણ એક સમુદાય પોતાનો અંગત પ્રશ્ન હલ કરવા માટે બાનમાં લઈ લે અને રાજય સરકાર એ માટે એને તમામ પ્રકારની અનુકૂળતા કરી આપે, એવી ઘટના કદાચ ઈતિહાસમાં પહેલી જ વાર બનવા પામી છે. પાટીદાર સમાજ એકાએક આટલી હદે હઠાગ્રહી બની જશે એવી મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલને કે એમની સરકારના વરિષ્ઠ સાથીદારોને ભાગ્યે જ કલ્પના હશે. હાર્દિક પટેલ પાટીદાર રેલીના સર્વમાન્ય નેતા તરીકે ઊપસી આવ્યા છે અને હવે આમરણાંત અનશન પર બેસી ધાર્યા નિશાન સર કરવા કૃત સંકલ્પ બન્યા છે ત્યારે રાજય સરકાર માટે આ સમસ્યાનો ઉકેલ શોધવાનું અનિવાર્ય બની જાય છે. પાટીદાર સમાજની દયા ઉપર જ જીવતી હોય એમ રાજય સરકાર એ સમાજને વધુ ને વધુ અનુકૂળ થતી ગઈ કે ત્યાં સુધી કે લાખોની સંખ્યામાં ગુજરાતનાં શહેરો અને કસ્બાઓમાં રેલીઓ નીકળી એમાં કયાંક સરકારી અડચણ ઊભી ન કરાઈ. અમદાવાદની મહારેલી અટકાવવા માટે વલખાં જરૂર માર્યા, પરંતુ હાર્દિક પટેલ જેવા લવરમૂછિયા યુવા નેતાની જરુર પડ્યે ગાંધી-સરદારનો અહિંસક માર્ગ છોડી શિવાજી અને ભગતસિંહનો હિંસક અભિગમ અપનાવવાની ચીમકી અથવા અમને સરકાર બેસાડતાં પણ આવડે છે અને જરૂર પડ્યે અમે સરકારને ઉઠાડી મૂકી શકીએ - એવાં કથોલાં વેણ છતાં સરકાર કે સત્તાધારી પાર્ટી મૂંગે મોઢે બેસી રહે છે, તે જ શું સૂચક નથી? પાટીદારોએ એટલું તો પ્રસ્થાપિત કરી જ દીધું છે કે ભાજપ સરકાર એમની મહેરબાનીથી જ સત્તા ભોગવી શકશે. કોઈ પણ સમુદાયનો આવો અહંકાર રાજય સરકારે સહી લેવો પડે તે એની અંતર્નિહિત નિર્બળતા જ દર્શાવે છે. રાજય સરકારના પ્રવક્તા અને મોદી સરકારમાં તો વર્તમાન મુખ્યમંત્રીથી પણ સિનિયર એવા નીતિન પટેલે નાછૂટકે કહેવું પડ્યું કે સરકાર કોઈ એક સમાજની નથી. એને મન તમામ જ્ઞાતિસમાજ સરખા છે. તેથી આંદોલનકારો એમની મર્યાદા ઓળંગશે તો સરકારને પગલાં લેવાની ફરજ પડશે. મુખ્યમંત્રીશ્રીએ પણ રાજય સરકાર તમામ લોકોના પ્રશ્નો સહાનુભૂતિપૂર્વક ઉકેલવા કૃતસંકલ્પ હોવાનું નિવેદન કર્યું છે, પરંતુ એ માટે આવાં આંદોલન કરવાની જરૂર નથી એમ કહી એમણે છેલ્લાં બાર વરસ દરમિયાન રાજયમાં કોઈ આંદોલન થયું નથી, ફક્ત વિકાસનું જ વાવાઝોડું ફૂકાયું છે - એ મતલબની વાત કરી છે. સરકાર પ્રવર્તમાન પરિસ્થિતિમાં પ્રસ્થાપિત અનામતનીતિમાં કોઈ ફેરફાર કરી શકે એમ નથી કે નથી એ પાટીદારોને અનામત આપી શકે એમ. પાટીદાર સહિત અન્ય સવર્ણો માટે એ વિશેષ પૅકેજ જરુર જાહેર કરશે. આર્થિક ધોરણ મુજબ પછાત ગણી શકાય એવા ઊજળા વરણના લોકો એનો લાભ લઈ શકશે. પરંતુ સરદારના સાચા વારસદાર તરીકે પોતાને ઓળખાવનારા પાટીદાર રેલીના હાર્દિક પટેલ જેવા યુવા નેતાઓ હવે ૨૭ ટકા ઓબીસી કવૉટામાં સમાવેશથી ઓછું કંઈ પણ સ્વીકારવા તૈયાર નથી. એ લાખોની મેદની સમક્ષ કમળને ઉખાડી ફેંકવાનો પડકાર આપે છે. પાટીદારોના પુરુષાર્થથી જ ગુજરાતમાં અને દેશમાં ભાજપનું કમળ ખીળી શક્યું હોવાનું જણાવી જરૂર પડ્યે નરેન્દ્ર મોદી વિરુદ્ધ કેજરીવાલ જેવી લડાઈ લડી લેવાની તૈયારીવાળા હાર્દિક પટેલે નીતીશકુમાર અને ચંદ્રબાબુ નાયડુને પાટીદાર આગેવાનો ગણાવી લાંબી રેસના ઘોડાની અદાથી લાંબુ રાજકારણ રમવાના સંકેતો આપ્યા છે. ૨૦૧૭માં આનંદીબેન પટેલને પાટીદારોનું સમર્થન મેળવવું હશે તો એમણે સામે ચાલીને પાટીદારોની ઑબીસી કવૉટામાં સમાવેશ કરવાની માગણી સ્વીકારવી પડશે, એવો પડકાર બિટવિન ધ લાઈન્સ ઘણું બધું કહી જાય છે. હાર્દિક પટેલ પાટીદારોને કોઈ એક 'પાર્ટી' ના બૅનર હેઠળ મર્યાદિત કરવાને બદલે એની વ્યાપક તાકાતના જોર પર રાષ્ટ્રીય સ્તરે નેતૃત્વ હાંસલ કરવાની હાકલ જ કરી છે. આનંદીબેન 'પટેલ' હોય તો એમણે પાટીદારોની માગણીઓનું આવેદનપત્ર સ્વીકારવા પાટીદાર રેલીના મંચ પર આવવું જોઈએ - એવી રજૂઆતની જાદુઈ અસર એવી થઈ કે અમદાવાદના કલેકટરે રેલી સ્થાને પહોંચી જઈ હાર્દિક પટેલ પાસેથી અનામતની માગણીનું આવેદન પત્ર સ્વીકારવાની ફરજ પડી છે! હાર્દિક પટેલે ઉપવાસ પર બેસવાની જાહેરાત કર્યા પછી આંદોલન નવું સ્વરુપ પકડશે તે નક્કી છે. અને સમાજની સહિયારી ફરજ છે.

## જીવનની દૈનિક સમસ્યાઓનાં સમાધાનનો ઉકેલ : શ્રીમદ્ ભગવદ્‌ગીતા



**વિચારોના મધુવનમાં**
**પ્રો. રાકેશ પટેલ**

ગુણવંત શાહ 'કૃષ્ણનું જીવનસંગીત માં કહે છે : 'હ્રદયરોગના આ જમાનામાં ભક્તિયોગ એટલે પ્રેમયોગ અને, કહેવું હોય તો કહી શકાય કે હ્રદયયોગ ! આજના માણસને તાણરોગ વલગેલો છે, તાણરોગનો ઉપાય પ્રેમયોગ હોઈ શકે. બધું ભક્તિમય, પૂજામય, પ્રાર્થનામય, પ્રેમમય અને કૃષ્ણમય બને પછી તાણ ટકે ખરી? તાણ પણ અહંકારની ખીંટીએ જ વળગેલી રહે છે. કૃષ્ણમય બનીએ એટલે એ ખીંટી ખરી પડે.

ભગવદ્ ગીતા મૂલભૂત રીતે તત્વજ્ઞાનનો ગ્રંથ છે. 'તત્વજ્ઞાન મુખ્યત્વે તર્ક, ધોરણ,નીતિમત્તા અને અનુભૂતિ સાથે સંબંધિત છે. તત્વજ્ઞાન એ વિજ્ઞાનને નકારતું નથી પરંતુ વિજ્ઞાનનો સ્વીકાર કરીને,પોતાના વિષય વસ્તુમાં તેને સમાવીને તેનાથી પર જાય છે. પશ્ચિમમાં પ્રાચીન ગ્રીસમાં વિજ્ઞાન અને તત્વજ્ઞાનનો ઉદય એક સાથે થયો છે.ઈ.સ.પૂર્વે ૫૮૬ ના સૂર્યગ્રહણની આગાહી થેલીસે કરી હતી.

● પ્રસ્તુત વિષયનાં અનુસન્ધાને પણ ભગવદ્ગીતામાં નિહિત તત્વજ્ઞાનને વ્યવહારિક સમસ્યાઓનાં સન્દર્ભે સ્થાનાંતરિત કરવામાં આવે તો પણ આપણને નવા વિચારસૂત્રો પ્રાપ્ત થઈ શકે છે. જેમકે, ● દરેક વ્યક્તિના જીવનમાં સમસ્યાઓ આવતી રહે છ ● સમસ્યાઓના સમાધાન માટે કોઈ માર્ગદર્શક જરૂરી છે. માર્ગદર્શક ઉપર પૂર્ણ વિશ્વાસ જરૂરી છે. ● રોજીંદા કાર્યો નિરાશ થયા વગર કરવા બાબતે વિચારીએ તો ગીતાનો સઘળો ઝોક કર્મ છોડવા પર નહીં, કર્મની આસક્તિ છોડવા પર છે. પવિત્ર કર્મો પણ આસક્તિ (ગત્ત્વસંગ) થી અભડાવવાનાં નથી. ● કર્મનો નહીં ફ્લાસક્તિનો ત્યાગ (સાત્વિક) ● કર્મનો ત્યાગ, ફ્લાસક્તિનો નહીં (રાજસિક અને તામસિક) કર્મ અને ફ્લાસક્તિ,બંનેનો ત્યાગ (સાધના માર્ગ)

રોજિંદા કાર્યો દરમિયાન જો ક્લેષ (ટેંશન) થતું હોય તો તેનું સમાધન એ છે કે 'બધા જ કર્મો સફળ થવા જ જોઈએ, ના કેમ થાય? આ જીદની પાછળ ફ્લાસક્તિ ડોકીયા કરે છે .(સારી ભાષામાં ભલે એને આપણે એમ કહીએ કે 'કામ કર્યું છે તો ફળ મળવું જોઈએ.) સાત્વિકો ચે હોય છે, ધૂમ્રસેરની ગતિની જેમ એમની ગતિ ર્ધ્વગામી છે. રજોગુણીઓ અધવચ્ચે જ અટવાયા કરે છે. તામસીઓ ભા થયા વિના ગંદા કાદવમાં આળોટતા હોય છે. સાત્વિકતા પણ અંતિમ મંજિલ નથી. જે સાચો જ્ઞાની છેવટે ત્રણે ગુણોથી પર અને પાર રહેવાનો.

ઈતિહાસ નિવૃત્તિ અને પ્રવૃત્તિની કરવટો બદલાતો રહે છે. કદાચ ભૂતકાળના લોકોએ ન કરી હોય એટલી પ્રવૃત્તિના પનારે આજે માણસ પડ્યો છે. પરિણામો તરફ ન જોતા સતત કામ કરવું એ આજના માનવીએ કેળવેલો 'ઉત્તમ સ્વભાવ છે. મુશ્કેલી ત્યારે આવે છે, જયારે ખૂબ મથ્યા પછી પરિણામ ઈચ્છિત ન આવે. ત્યારે માનવી ક્યારે શું કરી નાખે તેનું કઈ નક્કિ છે? એવામાં પરમ પુરુષાર્થી બનવા કેટલીક સારી રીતભાત શીખવી જરૂરી છે. ઝાડ નીચે અને ખુલ્લામાં સૂતા વ્યક્તિને મળતો પ્રકૃતિનો સ્પર્શ અવર્નનીય અને અમૂલ્ય છે. વાતાનુકુલિત (એ.સી.) માં સૂતા મળતી ઉંઘ અનુકૂલતા તો આપે છે પણ સામે પક્ષે કંઈક ગુમાવવાની તૈયારી રાખવી પડે છે. આ રહ્યા કેટલાક ખાસ ગુણો જે તમને અવશ્ય કશુંક નવીન આપી જશે. એકાંત, (જાત સ્વ સાથે સંવાદ) આશામુક્તિ, (સતત મેળવતા,માત્ર ભૌતિકતામાં રાચવું) કોઈને પણ કારણ વગર ન મળવાની મનોવિકારી સ્થિતી, સાતત્ય (નિયમીતતા), ચિત્તવૃત્તિનિરોધ (ચિત્તની એકાગ્રતા),અપરિગ્રહ (સંતોષ),આસન (બેઠકની ઉત્તમ વ્યવસ્થા), શાંતિ (ઈશ્વરે પણ રાત્રિનું સર્જન કરીને સમજાવ્યું કે શાંતિ તો જરૂરી છે. વિજળીની શોધ આપણા માટે ઉપકારક છે પણ તેણે આપણી ઉંઘ હરામ કરી દીધી છે.), નિર્ભયતા ('સમસ્યાઓ આવવાની છે,કોઈને કોઈ સમાધાન નીકળશે . આવી સમજ હોય તે સ્થિતી), બ્રહ્મચર્ય (સાહજિક વ્રત, કોઈ ચ્ચ ધ્યેય રાખ્યા બાદ જ બીજી ક્ષુલ્લક બાબતો સહજ રીતે સરી પડે તે), મત્પરાયણ (સર્વશક્તિમાન ઉપર શ્રદ્ધા, હજી પણ આપને ઉંઘ, શરીર રચના, સૃષ્ટિ રચના, અનંત જીવો ને જાણવા ફાંફા મારીએ છીએ.), નિર્વાણ (સફળતા જેટલો ધ્યેય નાનો હોય તેમ ખોટો આત્મસંતોષ નિર્માણ થાય છે, નાની બાબતોમાં મળતી ખુશીઓ વધુ જરૂરી છે.)

● નોકરી, ધંધો કે કોઈ પણ કાર્યસ્થાને ઉપયોગી સૂત્રો પણ ગીતામાં મળે છે. ઉદ્યોગીકરણનું સાર્વત્રિકરણ થયા પછી માણસ મશીન બનીને લાગણીને છેહ આપતો થયો છે. કામનાં કલાક સાથે સામે વળતર લટકાવવામાં આવે છે, ત્યારે શરૂઆતમાં સારી અને

**અનુસંધાન પાના નં. ૭ પર**

## 'અંકલ, તમને હું ભાઈ સમાન માનું છું, ગયા વર્ષે જ મારો ભાઈ રોડ અકસ્માતમાં મરી ગયો, તે તમારી જેમ જ મારી સાથે મજાક મસ્તી કરતો, હું તમારામાં મારા ભાઈને જોતી હતી અને તમે...'



**નવાં કલેવર**
**નટવર હેડાઉ**

બારણાની ડૉરબેલ વાગ્યા પછી બારણું ખુલવાના અવાજ સાથે મુકેશ રૂપલીનો અવાજ સંભળાતાં જ સાવચેત થઈ બેસી ગયો. હાથમાં પકડેલ અખબારને ખુબ ધ્યાનપૂર્વક વાંચવાનો ડોળ કરવા લાગ્યો. જો કે તેને ખબર હતી કે જો ઓરડામાં બેસીને એ વાંચતો હતો ત્યાં રૂપલી થોડીવાર પછી આવવાની હતી. બાકીના આખા ઘરમાં સાફસૂફી કર્યા બાદ, પરંતુ છતાં એ અત્યારથી સાવચેત થઈ બેસી ગયો.

થોડીવાર પછી રૂપલી એ ઓરડામાં આવી. તેણે આવતાંવેંત ઓરડાનો પંખો બંધ કરી દીધો. તે અખબાર વાંચવાનું નાટક કરતો રહ્યો. તેને જોઈને એ ખુબ ખુલ્લા સ્વરે બોલી 'શું વાત છે આજ તો અંકલ ઘરમાં જ છે.'

જવાબમાં એ કંઈ બોલ્યો નહીં. બસ માથું ઊંચું કરી એક નજરે તેની તરફ જોયું અને પછી માથું નમાવી ફરી અખબાર વાંચવા લાગ્યો. 'અંકલ તો સેટરડે - સંડે જ મળે છે.' કચરો વાળતાં રૂપલી હસતાં હસતાં કહી રહી હતી.

તે ચૂપ રહ્યો. બસ એકવાર ફરી તેની તરફ જોઈ લીધું. પહેલાં તો એ આવી રીતે વાતો કરે છતાં તેને તરફ જોતો પણ નહીં. બસ પોતાના વાંચન લેખનમાં મગ્ન રહેતો. પણ છેલ્લા કેટલાક દિવસથી તેને એવું લાગવાં લાગ્યું હતું કે રૂપલી તેનામાં રૂચી લેવા લાગી છે. જો કે તે બંનેની ઉંમરમાં બહુ મોટો ફરક હતો. પણ રૂપલીની બિન્દાસ વાતોથી એવું લાગતું હતું કે તેને પસંદ કરે છે.

શરુ શરુમાં તો તેનું આ રીતે ખુલ્લખુલ્લાં વાત કરવાનું ગમતું નહીં. પણ ધીરે ધીરે તેને પણ હવે એ ગમવા લાગ્યું હતું. અને રૂપલી તેને ગમવા લાગી હતી. હવે તો એ રાહ જોતો કે કયારેક આવે. જો કે આવે ત્યારે હંમેશા તેને એવું જતાવવાની કોશિશ તે કરતો કે જાણે પોતે અખબાર કે સામાયિક વાંચવામાં વ્યસ્ત છે. પણ તે બેઠેલ હોય એ ઓરડામાં રૂપલી આવે એટલે તેનું ધ્યાન તેના ઉપર જ રહેલું. હાં એ વાત ખરી કે તેણે પોતાના તરફથી કયારેય કોઈ વાત કરી ન હતી. બસ એની વાત સાંભળી એની તરફ જોયા કરતો અને કયારેક હકારમાં હા... હું જવાબ દેતો.

ધીરે ધીરે તેને રૂપલીમાં રસ પડવા લાગ્યો હતો. હવે એ પલંગમાં એવી રીતે બેસતો કે કચરા-પોતાં કરતી વખતે રૂપલીનાં શરીરનું કોઈ અંગ તેને સ્પર્શે. પણ એ તેના એ પ્રયત્નોમાં કયારેય સફળ થયો ન હતો. પોતાનું કામ કરતી વખતે રૂપલી હંમેશા એ વાતનું ધ્યાન રાખતી કે તેને અડકી ન જવાય.

હવે તો તેણે રૂપલી સાથે તોડી મજાક મસ્તી કરવાનું પણ શરુ કરી દીધું હતું. તેના મજાકથી એ ખુબ હસતી તેને એ બહુ ગમતું. તેને એમ લાગતું કે એ પણ તેના પર મરે છે. એ તો તેના તરફ આશક્ત થઈ જ ગયેલો. કયારેક તેને પોતાની જાત પર ઘમંડ પણ થયું કે પિસ્તાલીસ વર્ષની ઉંમરે પણ હજું મારું આકર્ષણ એવું છે કે અઢાર વર્ષની યુવતીને રીઝાવી શકું છું.

ધીરે ધીરે એ વિચારવા લાગ્યો કે રૂપલીની વધુ નજીક કઈ રીતે જઈ શકાય. તેની સાથે મુલાકાત અઠવાડિયે બે દિવસ શનિ, રવિના દિવસોમાં જ થતી ત્યારે જયારે તેને ઓફિસમાં રજા રહેતી. તે હવે એવો મોકો શોધવા લાગ્યો જેનાથી તેનું કામ થઈ જાય. તેને પુરો વિશ્વાસ હતો કે રૂપલીને પણ એમાં કંઈ વાંધો નહીં હોય. છેવટે એક દિવસ તેને એવો મોકો મળી જ ગયો. શનિવારને દિવસે બાળકો નિશાળે ગયાં હતાં અને મંજુલા તેની પત્ની બજાર ગઈ હતી. રૂપલી કામ કરવા આવી. તેને એમ લાગ્યું કે મનની ઈચ્છા ફળી. રૂપલી ફલૅટની અંદર આવતાં તેણે બારણું બંધ કરી દીધું. રૂપલી એ તેને પુછયું, 'આંટી ઘરમાં નથી.'

તેના મનમાં તો વાસંતીનાં ફૂલો ખીલી ઊઠ્યા હતા. પણ તેણે પોતાનો સ્વર બને તેટલો સામાન્ય રાખી કહ્યું, 'હા બજાર ગઈ છે, એકાદ કલાક તો લાગશે. એકાદ કલાકની વાત તેણે જાણી જોઈને કરી હતી. જેથી રૂપલી નિશ્ચિંત થઈ જાય કે મંજુલા જલ્દી પાછી આવવાની નથી. આમ પણ મંજુલાને આવતાં એકાદ તો થવાનો જ હતો.'

તે પછી રૂપલી તેનું કામ શરુ કરી દીધું. તેના માટે એક એક પણ મહત્ત્વની હતી. દસ પંદર મિનિટમાં રૂપલી કચરા-પોતાં કરી પાછી જતી રહેવાની હતી. જયાં તે એક ઓરડાંમાં કચરો વાળવા ગઈ ત્યાં મુકેશે બારીના પડદા ખેંચી દીધા. જેથી બહારથી કોઈને કંઈ દેખાય નહિં. પછી એ ઓરડાની ટ્યુબ લાઈટ તેણે ચાલુ કરી દીધી.

બે મિનિટ પછી રૂપલી જયાં એ ઓરડામાં આવી ત્યાં મુકેશે તેને કહ્યું, 'જો કબાટની પાછળ કેટલી ધૂળ છે. તેને બરાબર સાફ કર. તે પછી રૂપલી જયાં કબાટ સાફ કરવા પાછી ફરી ત્યાં જ તેણે તેના હાથમાંથી સાવરણી લઈ લેતા કહ્યું. 'લાવ હું બતાવું કે સાફ કઈ રીતે કરાય.'

રૂપલીના હાથમાંથી સાવરણી લેતાં તેણે જાણી જોઈને તેના હાથને સ્પર્શી લીધો. કબાટ પાછળ ખાસ માટી તો નહોતી. તેણે ફરી સાવરણી રૂપલીનાં હાથમાં પકડાવતાં તેને સ્પર્શવાની કોશિશ કરી પણ તેણે એવું થવા ન દીધું.

હવે તેની ઉત્તેજના વધી ગઈ હતી. 'થોડાં નખરાં તો એ કરવાની જ.' એમ એ વિચારવા લાગ્યો. તે પછી મુકેશનો તેની જાત પર કાબુ ન રહ્યો. તેણે ઝપટ મારી ઓરડાની લાઈટ બંધ કરી દીધી અને રૂપલીને બાહુપાશમાં તે લેવાં માંગતો હતો.

રૂપલીને તેની આ ચેષ્ટાનો અંદાજ જ પહેલાં જ આવી ગયેલો. તે ઝટકો મારી દૂર ખસી ગઈ અને કહેવા લાગી 'અંકલ, તમે તો મારા ભાઈ સમાન છો... તમે..' કહેતા તે હીબકાં ભરવા લાગી.

તેણે એવું ધાર્યું નહોતું કે આવું થશે. તેના મોંએથી નીકળી ગયું. 'આમ તો મારી સાથે ઘણી વાતો કરવાની કોશિશ કરે છે ને હવે...'

'અંકલ, તમને હું ભાઈ સમાન માનું છું. ગયા વર્ષે જ મારો ભાઈ રોડ અકસ્માતમાં મરી ગયો. તે તમારી જેમ જ મારી સાથે મજાક મસ્તી કરતો, હું તમારામાં મારા ભાઈને જોતી હતી અને તમે...' કહેતાં ફરી જોરથી રડવા અને હીબકાં ભરવા લાગી.

એ તો ઠંડોગાર થઈ ગયો. સ્થિતિ ચોખ્ખી થઈ ગઈ હતી. મુકેશને ખુબ પસ્તાવો થતો હતો. પોતાની જાત પર ખુબ શરમ પણ આવતી હતી. પણ હવે શું થાય.

તે દબાયેલ અવાજે ધીરેથી બોલ્યો. 'રૂપલી મારાથી ભૂલ થઈ ગઈ. પણ તું આ વાત મંજુલાને કરતી નહીં.'

પોતાની આંખો લૂંછતાં રૂપલી બોલી. 'નહીં કહું પણ અંકલ એક વચન મને આપો.' મુકેશ કંઈ બોલ્ય નહીં. બસ પ્રશ્નવાચક નજરે રૂપલીને જોઈ રહ્યો. 'તમે કોઈની મજબૂરીનો આ રીતે લાભ લેવાની કોશિષ હવે પછી નહીં કરો.' 'ભલે, રૂપલી વચન આપું છું.' તેણે દૃઢ અવાજે કહ્યું. તેના મન પર પડેલ બોજ હટી રહ્યો હતો. તેવામાં બારણાની ડૉરબેલ વાગી. કદાચ મંજુલા વહેમી આવી ગઈ હતી. હળવા મને તે બારમુ ખોલવા ગયો. બારણું ખોલીને જોતાં મંજુલાના હાથમાં સુંદર રંગબેરંગી રાખડીઓ હતી.

'આ વખતે બે રાખડીઓ કેમ?' 'એક મારા ભાઈ માટે અને બીજા રૂપલીના ભાઈ માટે' મંજુલાએ કહ્યું. 'પણ તેના ભાઈનું તો એક્સીડેન્ટમાં મોત થઈ ગયું છે.' એવું એ કહેતી હતી. 'મને એ કહેલી હતી કે તમે તેના ભાઈ જેવા જ લાગો છો. તેથી હું આ વધુ એક રાખડી લઈ આવી છું.'

'મુકેશ ઘડીકમાં મંજુલા તરફ અને ઘડીકમાં રૂપલી તરફ જોતો રહ્યો.'

**- vanvihari@gmail.com**

## પાડોશીને પ્રેમ...!! તુજે દેખા તો યે જાના સનમ, પ્યાર હોતા હૈ દીવાના સનમ...!!

### *દિલ અને હોઠ વચ્ચે અંતર તો માત્ર વ્હેંતનું જ છે, પણ દિલની વાત હોઠે આવતાં કયારેક જીંદગી જતી રહે છે!*



**Hello ફ્રેન્ડસ**
**સંજય થોરાત**

'કંસાર' રેસ્ટોરન્ટ, હજી હમણાં જ નવી ખુલી છે. એનાં વખાણ સાંભળેલાં એટલે આજે સાંજે નયના ઘરે આવે એટલે નિરાલી અને નૈનેશને લઈને ત્યાંનો સ્વાદ ચાખવાનો પ્લાન નૈનાએ બનાવી રાખેલો.

સંસારમાં જોતરાયાં બાદ નૈતાને આમ તો કોઈ વાતની કમી નહોતી છતાં કયારેક એ એકલવાયું જીવન અનુભવતી. બાળકો મોટાં થવાં લાગ્યાં, એમનાં ગ્રુપમાં, સ્કૂલ - કૉલેજમાં જવાં લાગ્યાં, નયન એની નોકરીમાં વ્યસ્ત... નૈના એકલી જ પડી જતી...

હોન્ડા સિટી કારમાં સ્ટાર પરિવાર 'કંસાર' ના માર્ગે નીકળ્યો. નયન અને નૈનેશ બાપ-બેટો આગળની સીટે ગોઠવાયાં. દીકરી નિરાલી અને નૈના પાછળની સીટે... બાપ-બેટો વાતોએ લાગ્યાં, નિરાલી મોબાઈટ ડેટા ઓન કરી, વૉટ્સ એપ પર સ્ટેટસ બદલ્યું, 'ડિનર વિથ ફેમિલી ઍટ કંસાર' .. અને બીજે ચેટ્સ સાથે એ મોબાઈલ મગ્ન થઈ ગઈ... નૈના બધાં વચ્ચે હોવાં છતાંય એકલી જ હતી...

રેડિયો ૯૫ પર રેટ્રોગીત ચાલુ હતું. 'મેરા જીવન કૉરા કાગઝ કૉરા હી રહ ગયા...' નૈનાને લાગ્યું જાણે એ ગીત એનાં માટે જ વાગતું હતું, એ એના પરિવાર સાથે હોવા છતાંય મનથી ત્યાં નહોતી જ...

અને આવું છેલ્લાં ૧૭-૧૮ વર્ષની ચાલુ છે. લગ્ન થયાં, બાળકો થયાં, પણ મનથી હજી પણ ચાલુ છે. લગ્ન થયાં, બાળકો થયાં, પણ મનથી હજી પણ સંસારમાં સેટલ થઈ શકી નહોતી. દૈનંદિનના બધાં વ્યવહાર ચાલુ હતા. કોઈ દેખીતી નારાજગી, કંકાસ, કકળાટ કશું જ નહીં. બાળકો નૈનાથી ખુશ અને નયન તો નૈનાના રૂપ અને આવડત બંને પર આફરીન હતો. પણ નૈનાને કશામાં રસ પડતો નહોતો...

'આંખો હીં આંખો મેં ઈશારા હો ગયા....' ગીત બદલાયું હતું અને નૈનાના વિચારો પણ બદલાઈ રહ્યા હતા... કાનુનાનો પરિવાર ઘર બદલીને પોતાના નવા ઘરે ચાલ્યો ગયો, ઘર ખાલી થયું પણ મનમાં ઘર કરી ગયેલો કાનુડો વગર ભાડે રહેવા લાગ્યો...

નૈનાના લગ્ન થઈ ગયા. અને નયન સાથે સંસાર શરુ થયો. નયન બધી રીતે સરસ હતો, કોઈ દોષ કાઢવા જેવો નહીં, દિલ ફાડીને એ પ્રેમ કરતો... નૈનાને એ હથેળી પરની ફોલ્લીની જેમ સાચવતો... પણ નૈના તો મનથી 'કાનુડા'ને વરેલી હતી. કાનુડો આ જ શહેરમાં રહેતો. કયારેક કોઈ બહેનપણી કે ઓળખીતા દ્વારા એના સમાચાર મળી રહેતાં, અને એટલાં પુરતું મન અસ્વસ્થ બની જતું...

'મેરી યાદ મે તુમ ના આંસુ બહાના, ન જી કો જલાના હમે ભૂલ જાના...' આજે રેડિયો સ્ટેશન જાણે નૈનાના પ્રસંગો અનુસાર જ ગીતો વગાડી રહ્યું હતું... જયારથી નૈનાને ખબર પડી કે કાનુડાએ સફેદ હ્યુન્ડાઈ વરના ગાડી લીધી છે, ત્યારથી એ જયારે ઘર બહાર નીકળે એવી કાર એની બાજુમાંથી પસાર થાય ત્યારે સતત એવો જ ભાસ થતો કે આમાં મારો કાનુતો તો નહીં હોય ને??

એક દિવસ કાનુડાનો ભાઈબંધ એક જાણીતી મિઠાઈની દુકાને મળી ગયો, એની પાસેથી કાનુડાનો મોબાઈલ નંબર મળી ગયો, પણ નૈનાની કયારેય હિંમત જ ન થઈ કે કાનુડાને ફોન લગાડે...


સમય પસાર થતો ચાલ્યો, બાળકો મોટા થઈ એમની દુનિયામાં મસ્ત થવા લાગ્યા... પ્રમોશન સાથે નયનની જવાબદારી અને ઓફિસ અવર્સ વધવાં લાગ્યાં, ફરી પાછી એકલતા સવાર થવા લાગી, અને એ એકલતા કાનુડાને યાદ કરતી, નૈનાને નવાઈ લાગતી કે હવે તો બાળકો મોટા થયાં, મારામાં મેચ્યોરીટી આવી ગઈ છે, હવે તો કાનુડાને ભૂલવો જોઈએ, છતાંય કેમ એ યાદ આવે છે? અચાનક બાજુમાંથી વરના કાર નીકળી, નૈનાનું હેયું બે સેકન્ડ માટે ધબકારાં ચૂકી ગયું!

'મૌસમ હૈ આશકાના, યે દિલ કહી સે ઉનકો ઐસે મે ઢૂંઢ લાના..' ગીત વાગવાનું શરું થયું, વરસાદી ઝાપટાં બાદ રસ્તા ધોવાઈને ચોખ્ખાં હતા અને માહોલ ખુશનુમા હતો... 'કંસાર' આવી ગયું, નયન-નૈના-નૈનેશ-નિરાલી એક કોર્નરની ઝૂંપડીમાં ગોઠવાયાં. મેનુ કાર્ડમાંથી ઓર્ડર અપાઈ ગયા, બાપ-બેટો ફરી કરિઅર ડેવલોપમેન્ટની વાતોમાં મશગૂલ થયાં... નિરાલી હવે વૉટ્સ એપ પરથી ફૅસબુક બાજુ વળી હતી... નૈના ખામોશીથી રેસ્ટોરન્ટનું ઈન્ટીરીયર જોઈ અસલ ગામઠી વાતાવરણ જોઈ વૃંદાવનની યાદમાં સરીને કાનુડા માટે ઝંખતી હતી!

અને યસ, અચાનક એની નજરે સામેની ઝૂંપડીમાં બેઠેલો કાનુડો દેખાયો, એ એની સામેની બાજુ જ હતો નૈનાને વિશ્વાસ બેસતો નહોતો, જે ક્ષણનો એને ઈંતજાર આટલાં વર્ષોથી હતો એ સામે આવીને ઊભી હતી. 'જીસકા મુજે થા ઈતજાર વો ઘડી આ ગઈ...' 'કંસાર'માં પણ રેટ્રો ગીત વાગી રહ્યાં હતા... નૈનાની સારી દુનિયા જાણે થંભી ગઈ હતી!

થોડીવારે જયારે અચાનક એ ભાનમાં આવી ત્યારે એને ખબર પડી કે કાનુડો એકલો નહોતો. એની સાથે એની પત્ની અને બે બાળકો પણ હતા... લગભગ દોઢ કલાક કાનુડો એની સામે જ હતો, પણ કાનુડાને નૈના દેખાઈ જ નહીં, જયારે નૈનાનું સંપૂર્ણ ધ્યાન કાનુડા સમક્ષ જ હતું, અને એ સંપૂર્ણપણે એના સંસારમય થયેલો હતો...

નૈનાને અચાનક ખબર પડી કે હવે એનું મન એકદમ ધરાઈ ગયું છે, શાંત થઈ ગયું છે. કાનુડો એકદમ ખુશ હતો



અને હવે નૈના પણ એકદમ ખુશખુશાલ હતી, હવે એની મૃગતૃષ્ણા ભાંગી ચૂકી હતી... એક પ્લેટ 'કંસાર' પ્લીઝ... નૈનાએ ઑર્ડર આપ્યો અને એનાં પરિવારનાં બધાં જોરથી હસી પડ્યાં, કારણ એની સામે જ 'કંસાર' ની પ્લેટ અડ્યા વગરની પડી હતી!!

નૈનાનું મન તૃપ્ત હતું, નયને કારનો દરવાજો ખોલ્યો, અને એ અંદર નયન અને બાળકો સાથે બેસવાં સાચાં અર્થમાં હવે એકાકાર થઈ હતી... રેડિયોમાં ગીત વાગી રહ્યું હતું, 'તુજે દેખા તો યે જાના સનમ, પ્યાર હોતા હૈ દીવાના સનમ...'

**ચૂંટલો :**

કયારેક હૈયે રહેલી વાત હોઠ સુધી આવતાં જિંદગી નીકળી જાય છે, અને પછી પોતાના જ મન સાથે એક કશમકશ શરુ થાય છે, ન મળેલાં પ્રિય વ્યક્તિને પામવા મન બહાવરું બનીને ભટક્યા કરે છે, બધું જ હોવા છતાં ખાલીપો વર્તાય છે. ખુલ્લી વાત ખુલીને કરો તો મન હળવુંફુલ બની જાય છે.